| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| **સચિવાલય તથા સંલગ્ન કચેરીઓના નાયબ સેકશન અધિકારી વર્ગ-૩ ની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા** | | |
| **તા.૦૭/૦૨/૨૦૨૫** | **પ્રશ્નપત્ર – ૫** | **બેઠક નંબર:.............** |
| **સમય : ૧૨.૦૦ થી ૧૫.૦૦** | | **કુલ ગુણ : - ૧૦૦** |

**સૂચના (૧) તમામ પ્રશ્નો ફરજિયાત છે.**

**(૨) દરેક પ્રશ્નની સામે ગુણ દર્શાવેલ છે.**

**(૩) નવો મુખ્ય પ્રશ્ન, નવા પાનેથી શરૂ કરવો તથા પેટા પ્રશ્નો એકસાથે જ લખવાના રહેશે.**

---

**પ્રશ્ન-૧** ઉધોગ અને ખાણ વિભાગના એક નાયબ સેકશન અધિકારી કોઇપણ જાતની રજા મંજૂર કરાવ્યા વિના તથા કચેરીને જાણ કર્યા વિના એક માસથી વધુ સમયથી ગેરહાજર છે. આ બાબતે તેઓને તાત્કાલિક ફરજ પર હાજર થવા અન્યથા તેઓની સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવા બાબતે સક્ષમ કક્ષાએ આદેશ માટે નોંધ રજૂ કરો. **(૧૦)**

**અથવા**

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો દ્વારા નશીલા પદાર્થોના વેચાણ તેમજ સામાન્ય પ્રજાજનને કરવામાં આવતી કનડગત બાબતે યોગ્ય પગલાં ભરવા માટે રજૂઆત મળેલ છે. મળેલ રજૂઆત અનુસંધાને જરૂરી કાર્યવાહી માટે ગૃહવિભાગના નાયબ સેક્શન અધિકારી તરીકે ગૃહવિભાગ કક્ષાએથી જરૂરી કાર્યવાહી માટે પોલીસ કમિશનરશ્રી, અમદાવાદને પાઠવવાના પત્રનો મુસદ્દો તૈયાર કરો.

**પ્રશ્ન-૨** દાહોદ જિલ્લામાં ચોમાસામાં રસ્તાઓની હાલત બિસ્માર થયેલ હોઈ માન. સંસદ સભ્યશ્રી X દ્વારા રસ્તાઓના સમારકામ માટે સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગને રજૂઆત કરેલ છે. આ રજૂઆત અન્વયે માર્ગ અને મકાન વિભાગ કક્ષાએથી જરૂરી કાર્યવાહી માટે કાર્યપાલક ઈજનેરશ્રી (મા X મ) દાહોદને જરૂરી સૂચના અંગેના પત્રનો મુસદ્દો તૈયાર કરો. **(૧૫)**

**અથવા**

રાજ્યમાં રખડતા પશુઓના કારણે શહેરી વિસ્તારોમાં અકસ્માતોનું પ્રમાણ વધેલ છે. આ બાબતે જરૂરી પગલાં લેવા માટે ધારાસભ્યશ્રી "Y" દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને રજૂઆત કરવામાં આવેલ છે. રજૂઆત તથા હકીકતને ધ્યાને લઇ તાત્કાલિક જરૂરી પગલા લેવા માટે મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને પાઠવવાના પરિપત્રનો મુસદ્દો તથા મા. ધારાસભ્યશ્રી "Y" ને પાઠવવાના પ્રત્યુતરનો મુસદ્દો રજૂ કરો.

**પ્રશ્ન-3** **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે બે)** **(30)**

**(૧)** રાજ્યમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં ટ્રાફિક નિયમોના ભંગ અન્વયે વસૂલ કરાયેલ દંડ, થયેલ અકસ્માતોની વિગતો તથા પ્રવર્તમાન ટ્રાફિક નિયમન વ્યવસ્થામાં સુધારા બાબતમાં બંદરો અને ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા કમિશ્નરશ્રી, વાહન વ્યવહાર પાસેથી વિગતો મંગાવેલ છે. વિગતો મળવામાં ઘણો વિલંબ થયેલ હોઇ વિગતો તાત્કાલિક મોકલી આપવા માટે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના નાયબ સેકશન અધિકારી તરીકે વિભાગના સચિવશ્રી કક્ષાએથી કમિશ્નરશ્રી, વાહન વ્યવહારને પાઠવવાના અ.સ.પત્રનો મુસદ્દો તૈયાર કરો.

**(૨)** ઠરાવનો ઉદ્દેશ્ય જણાવો. ઠરાવમાં કઈ કઈ બાબતોનો સમાવેશ હોવો જોઈએ. તે જણાવો.

(૩) અર્ધ સરકારી પત્ર લખવા બાબતે કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ? આ લખાણનો ઉપયોગ ક્યારે કરવાનો રહે છે તે જણાવો.

**પ્રશ્ન-૪** **ટૂંકનોંધ લખો (ગમે તે ચાર)** **(૨૦)**

**(૧)** કચેરી હુકમ **(૪)** કારણદર્શક નોટીસ

**(૨)** અખબારી યાદી **(૫)** જાહેરનામું

**(3)** યાદી

**પ્રશ્ન-૫** વન અને પર્યાવરણ વિભાગના વર્ગ-૩ના એક કર્મચારી સતત ગેરહાજર રહેતાં તેમને હાજર થવા બાબતે વારંવાર નોટીસ/પર્યાપ્ત તક આપવા છતાં કચેરીમાં ફરજ પર હાજર ન થતાં તેમજ આ બાબતે કોઇ જ પ્રત્યુતર ન મળતાં નછૂટકે જરૂરી કાર્યવાહી અનુસરી તેઓને નોકરીમાંથી દૂર કરવાનો વિભાગ દ્વારા હુકમ કરવામાં આવેલ છે. જે સામે સંબંધિત કર્મચારી દ્વારા નામદાર હાઇકોર્ટમાં પીટીશન ફાઇલ કરેલ છે. આ કેસમાં સરકાર પક્ષે કરવાના થતા એફિડેવીટ માટે સરકારી વકીલને પાઠવવાના- પારાવાઇઝ રીમાર્કસ તૈયાર કરો. **(ગુજરાતી અથવા અંગ્રેજીમાં)** **(૧૫)**

**પ્રશ્ન-૬** **સૂચવ્યા મુજબ કરો.** **(૦૫)**

**(અ) ગુજરાતીમાં અનુવાદ કરો. (ગમે તે પાંચ)**

(1) It is not possible to complete this task before 31st March.

(2) Your proposal is rejected due to insufficient details.

(3) All concerned officers are instructed to send detailed report regarding action taken by them within 2 days.

(4) None is exempted

(5) The journey of a thousand miles begins with one step.

(6) This matter pertains to Education Department.

**(બ) <u>અંગ્રેજીમાં અનુવાદ કરો. (ગમે તે પાંચ)</u>** **(૦૫)**

(૧) આ બાબતને ટોચ અગ્રતા આપશો.

(૨) આ અંગેનો આખરી નિર્ણય નામદાર હાઇકોટના ચુકાદાને આધીન રહેશે.

(૩) આ અંગે કોઇ પૂર્વદષ્ટાંત હોય તો રજૂ કરશો.

(૪) આ હુકમ ખાસ કિસ્સામાં કરવામાં આવેલ છે તેને પૂર્વદષ્ટાંત તરીકે ટાંકી શકાશે નહી.

(૫) આ અંગે સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી મેળવીએ.

(૬) આપની રજૂઆત સમયમર્યાદા બાદ મળેલ હોઇ દફતરે કરવામાં આવેલ છે.

-----------------------